





# મહાવીર જયંતી, હનુમાન જયંતી

**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

જે કાળમાં મહાવીરનો જન્મ થયો હતો તે સમયથી વાતાવરણ શાંત થઈ ગયું હતું. અને પ્રકૃતિ શાંતિનો અનુભવ કરવા લાગી હતી. સ્વર્ગ માંથી દેવી-દેવતાઓએ તીર્થંકરને શ્રદ્ધા અર્પણ કરી. એક સમારોહમાં શિશુ(બાળક)ને નવડાવીને તેનું નામ મહાવીર અને વર્ધમાન રાખવામાં આવ્યું. એટલું જ નહીં, મહાવીરનાં જન્મ સંબંધિત તેમની માતા ત્રિશલાની એક પ્રસિદ્ધ કથા છે. આ કથા અનુસાર મહાવીરનો જન્મ પહેલાં તેમની મા ત્રિશલાએ અલગ-અલગ વસ્તુઓ તરીકે 18 સ્વપ્નાં જોયાં હતાં. જેની અસર મહાવીર પર થઈ.

30 વર્ષની ઉંમરમાં તે સાંસારિક કર્મોનો ત્યાગ કરીને ધ્યાન તરફ વળ્યા. તેમણે અશોકના વૃક્ષ નીચે 12 વર્ષ સુધી સતત ધ્યાન કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું. નૈતિકતા, નૈતિક મૂલ્યો અને ઈમાનદારીને સ્થાપિત કરવા માટે તેમણે ‘જૈન ધર્મ’ની સ્થાપના કરી.

જયારે મહાવીરે દુનિયામાં અમીર અને સુખથી વંચિતો વચ્ચે અંતર જોયું ત્યારે તેમણે શાંતિ અને સમૃદ્ધિ ભરેલો જીવન જીવવાની માટે 24મા તીર્થંકરના રૂપે જૈન ધર્મની સ્થાપના કરી. મહાવીરનાં ગૌરવશાળી કાર્યોનો ઉત્સવ જૈનોમાં વધારે મહત્વ રાખે છે. તેને ‘મહાવીર જન્મ કલ્યાણક’ના નામથી ઓળખાય છે.

**મહાવીર જયંતી 2026નો તિથિ સમય**

જૈન ધર્મગ્રંથો અનુસરા મહાવીરનો જન્મ ચંદ્રની સુદ પક્ષની 13મી તિથિ, વર્ષ 599 ઈસા પૂર્વના ચૈત્ર મહિના દરમિયાન થયો હતો. એટલા માટે ગ્રેગોરિયન કેલેન્ડર અંતર્ગત આ તહેવાર માર્ચ કે એપ્રિલ મહિનામાં આવે છે. આ વર્ષે મહાવીર જયંતી નિમ્ન તિથિઓ અનુસાર ઊજવાશે.

**31 માર્ચ, 2026, મંગળવારે મહાવીર જયંતી**

**તેરસની તિથિનો પ્રારંભઃ** માર્ચ 30, 2026ના રોજ 07:11 વાગ્યાથી

**તેરસની તિથિ સમાપ્તઃ** 31 માર્ચ, 2026ના રોજ 06:57 વાગ્યે.

**હનુમાન જયંતી**

હનુમાન જયંતી-જેને બજરંગબલીને જન્મોત્સવ પણ કહેવાય છે.

હનુમાન જયંતી પર સાચા મુહૂર્ત પર પૂજા કરવાથી હનુમાનજી ખુશ થાય છે. અને જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સફળતાના આશીર્વાદ મળે છે.

**હનુમાન જયંતી 2026ની તિથિ અને શુભ મુહૂર્ત**

ચૈત્ર મહિનાની પૂનમ 1 એપ્રિલે સવારે 7:08 વાગ્યે શરૂ થઈને 2 એપ્રિલ સવારે 7:41 વાગ્યા સુધી છે. શાસ્ત્રોમાં તિથિમાં દયનું વિશેષ મહત્વ માનવામાં આવ્યું છે. એટલા માટે આ વર્ષે હનુમાન જયંતીનો ઉત્સવ 2 એપ્રિલે ઉજવાશે. આ દિવસે લોકો હનુમાન ચાલીસા, મંત્ર,જાપ અને પૂજા વિધિ અનુસાર ભગવાનની આરાધના કરવી. પૂજા દરમિયાન સિંદૂર, ચમેલીનું તેલ, લાલ ફૂલ અને તુલસી અર્પણ કરવી શુભ હોય છે. ભોગમાં સામાન્ય રીતે ચણાના લોટના લાડુ અથવા ગોળ-ચણા ધરવાય છે. પૂજાના અંતમાં દીવો પ્રગટાવીને આરતી કરવી. ત્યારબાદ હનુમાન ચાલીસા અને સુંદર કાંડના પાઠ કરવાથી માનસિક શાંતિ, સ્વાસ્થ્ય, શક્તિ અને જીવનની મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે.



# નારાયણ બલિની પૂજાનું ચાર ધામ યાત્રા જેટલુ જ મહત્ત્વ છે!

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**



ચૈત્ર માસના ‘કૃષ્ણ પક્ષ’ને ‘પિતૃકાર્ય માટે’ શ્રેષ્ઠ માનવામાં આવે છે.

આમ તો સમગ્ર ચૈત્ર માસ ‘પિતૃમાસ’ તરીકે ઓળખાય છે તેથી તેમાં પિતૃઓને ખુશ કરવા અથવા પિતૃઓના આશીર્વાદ મેળવવા તેમજ પિતૃઓની શાંતિ માટેની વિવિધ વિધિઓ થતી હોય છે.

માતૃ શ્રાદ્ધ માટે સિદ્ધપુર, પિતૃ શ્રાદ્ધ માટે ગયાજી અને સર્વ પિતૃ માટે ચાણોદ શ્રેષ્ઠ છે.

**ચાણોદ નર્મદા નદીના કિનારે થતી વિવિધ વિધિઓ**

નારાયણ બલિ, ભૂત બલિ, નીલ પરણાવવાની વિધિ, પંચ બલિ, પિતૃ દોષ, નાગ (સર્પ) દોષ, કાલસર્પ દોષ વગેરે દોષોના નિવારણ માટે વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણ પાસે સંપૂર્ણ ‘શાસ્ત્રોક્ત વિધિ’ કરાવવાથી જ પિતૃગણ દોષમુક્ત થાય છે અને મોક્ષના અધિકારી બને છે.

**નીલ નારાયણ બલિ શા માટે કરવી જોઈએ?**

આપણા કુટુંબમાં કોઈ વ્યક્તિ અપરિણીત હોય કે પછી ઘરેથી ભાગી ગયા હોય ત્યારે આપણને ખબર નથી હોતી કે તે વ્યક્તિ જીવે છે, કે મૃત્યુ પામ્યા છે. ત્યારબાદ ગર્ભમાં જીવનું વારંવાર મૃત્યુ થવું...

સંતાનમાં લૂલા, લંગડા, બહેરા અને અન્ય શારીરિક ખામી સાથે વારંવાર આપણાં કુટુંબમાં સંતતિનો જન્મ થતો હોય- તો તેના માટે આ શ્રાદ્ધધકર્મ કરવાથી આપણને પિતૃઓના આશીર્વાદ મળે છે. આ આશીર્વાદ પિતૃઓ- આયુષ્ય, પ્રજા, ધન, વિદ્યા અને ઘરમાં જ સ્વર્ગના સુખની પ્રાપ્તિ કરાવે છે.

આ શ્રાદ્ધ કર્મ કારતક મહિનો, ચૈત્ર મહિનો, અને દર મહિનાની અમાસ તેમ જ ભાદરવા મહિનાના વદ પક્ષમાં થઈ શકે છે. આ શ્રાદ્ધ કર્મ કરાવતા પહેલાં યોગ્ય મહારાજ-પંડિતની સલાહ લઈને આગળ કાર્ય કરાવવું હિતાવહ છે.

**નારયણ બલિની વિધિ અને તેનું નિવારણ**

નારાયણ બલિ કરવાની હોય તો પૂર્વ તૈયારી પોતાના મકાનમાં પાંચ પેઢીના પિતૃઓ-જે સદગત થઈ ગયા છે તેમના નામ લખવાં, મોસાળ પક્ષ અન્ય આપને લાગતાં વળગતાં કુટુંબીજનો તેમ જ મિત્ર ગુરુ વગેરેના નામ લખવા (જે સદગત થઈ ગયેલા હોય તેમના જ નામ લખવા.)

**પ્રથમ વિધિ**

એક મીટર સફેદ કાપડ લેવું. તેમાં એક સોપારી મૂકવી. સવા રૂપિયો મૂકવો. 500 ગ્રામ મોઢ્યા વિનાના ચોખા. 50 ગ્રામ સિંદૂર, 50 ગ્રામ કંકુ, આડી વાટનો ઘીનો દીવો કરવો.

ત્યારબાદ એક બાજોઠ ઉપર કાપડ પાથરીને કંકુવાળા ચોખાનો સાથિયો કરવો. તેના ઉપર શ્રીફળ અને સોપારી મૂકવાં.

આ બધી વિધિ સંધ્યા કાળે કરવી. ત્યાર પછી તેની એક પોટલી તૈયાર કરવી. આ પોટલીને સાત વખત ઘરના બધા સભ્યોના માથા ઉપરથી ઉતારવી. જેણે આ વિધિ કરવાની હોય તેણે હાથમાં પોટલી લઈને ઘરમાં બધે ફેરવવી. ત્યારબાદ મુખ્ય દરાવાજા પાસે એક થેલીમાં અધ્ધર રહે તે પ્રમાણે મૂકવી. જ્યારે વિધિ કરવા જવાનું હોય ત્યારે તે લઈને જવું. રસ્તામાં કે જમીન ઉપર આ પોટલીને મૂકવી નહી. ઘરેથી જ્યારે નીકળો ત્યારે ગામની હદ સુધી બોલવું નહી. અને ઘરની બાજુ પાછું વળીને જોવુ નહીં. આ વિધિ કાર્ય અનુસાર તિથિ પ્રમાણે કરાવવી જરૂરી છે. આ વિધિ 15 દિવસ કારતક માસના અને 15 દિવસ ચૈત્ર માસમાં થાય છે.

**આ વિધિથી પારિવારિક સ્વાસ્થ્ય, સમસ્યા, લગ્નની સમસ્યા, ધંધો ખોરવાઈ જવો, દુષ્ટતત્વો, અકુદરતી મૃત્યુ તેમજ ઘરમાં કારણ વગરનો કંકાસ વગેરે સમસ્યાઓ આપોઆપ ઊકલી જાય છે!**

**ચાણોદ નર્મદા નદી કિનારે જ પિતૃ દોષ નિવારણનું મહત્ત્વ**

સમગ્ર દેશમાં કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા જેમાં સમાયેલી છે... બ્રહ્મહત્યા જેવા પાપો હોય કે પછી જન્મોજન્મના ફેરામાંથી પણ જ્યાં મુક્તિ મળતી હોય તેવા ડભોઈ તાલુકાના દક્ષિણ પ્રયાગ તીર્થ- ચાંણોદ ખાતે આવેલા ત્રિવેણી સંગમ ખાતે આ વિધિ થાય છે.

ચંડીપુર એટલે કે ચાંદોદ જેવા પવિત્ર તીર્થ ક્ષેત્રમાં શ્રાદ્ધાદિ પિંડદાન અને વિધિયુક્ત તર્પણ, શ્રાદ્ધ, દાન, નારાયણ બલિ, કીર્તન તથા જ્યાદિ કરવાથી પિતૃઓને અવશ્ય શાંતિ મળે છે. અને પિતૃઓ સદગતિને પામે છે જેને કારણે આવી વિધિ કરાવનાર જાતકને શુભ ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રી કૃષ્ણના જણાવ્યા અનુસાર, ‘જેના વંશમાં પ્રેતદોષ રહે છે તે સંસારના સુખોથી અલિપ્ત રહે છે. પ્રેત બાધા હોવાના કારણે મનુષ્યની ગતિ, પ્રીતિ, રતિ, લક્ષ્મી અને બુદ્ધિ- એ પંચતત્વનું ઉન્મેલન થાય છે. ત્રીજી અને પાંચમી પેઢીએ પ્રેત બાધા ગ્રસ્ત કુળનો વિનાશ થાય છે.’ (ગરુડ પુરાણ અ.20). આપણાં શાસ્ત્રોમાં તેમ જ પુરાણોમાં પણ નારાયણ બલિ શ્રાદ્ધ અંગે અનેક પુરાવા મળે છે. નારણયબલિ કોઈ બલિની વિધિ નથી. પણ ભગવાન વિષ્ણુના સંદર્ભમાં કર્મ છે.

ઘરમાં બાધા, નડતર, અવરોધ શાંતિ માટે આપણે ગાયત્રી યજ્ઞ કે સત્યનારાયણની કથા કરાવીએ છીએ- એવું જ આ એક પિતૃકર્મ છે.

**આ પૂજા-વિધિ કારતક, ચૈત્ર અને ભાદરવા મહિનામાં તેમજ દર મહિનામાં આવતી અમાસમાં થઈ શકે છે!**

નારાયણ બલિની વિધિ માટે મા નર્મદા નદીના કિનારે ચાંદોદ દક્ષિણ પ્રયાગ તીર્થક્ષેત્ર પ્રસિદ્ધ છે. એ શ્રેષ્ઠ સ્થળ ચાંદોદ નર્મદા કિનારો છે.

જ્યારે કોઈ પરિવારમાં મુશ્કેલીઓ અવારનવાર આવે... શારીરિક અથવા અન્ય કોઈ પીડા ત્રાસદાયક બને... ઘરમાં લગ્ન કે સંતાનના જન્મ જેવા શુભ પ્રસંગો માટે વિલંબ થયા કરે... કુટુંબમાં અકાળે અપમૃત્યુના બનાવો બને... અથવા ધંધા વ્યવસાયમાં પડતી કે બરકત ના આવે.. ત્યારે કોઈ પિતૃ તરફથી એટલે કે પિતૃ દોષના કારણે આમ થાય છે. આવુ જણાય તો પિતૃ દોષ નિવારણ માટે નારાયણ બલિ શ્રાદ્ધ કરાવવું આવશ્યક છે.

**નારાયણ બલિ વિધિના ઘણા ફાયદા**

- ‘નારાયણ બલિ’ પૂજાનો સૌથી વધુ ફાયદો એ છે કે, આખા પરિવારમાં શાંતિ, સુખ અને સકારાત્મક વાતાવરણ પ્રાપ્ત થાય.
- નારાયણ બલિની ધાર્મિક વિધિઓ પૂર્વજોને શાંતિ, મોક્ષ પ્રાપ્ત કરવામાં અને પરિવારના તમામ સભ્યોને તેમના આશીર્વાદ આપવા માટે મદદ કરે છે
- આ અ-કુદરતી મૃત્યુ અથવા આકસ્મિક મૃત્યુના કિસ્સામાં પણ મદદ કરે છે. અને શ્રાપમાંથી મુક્ત થવાની અને તેમની ઈચ્છા પૂરી કરવાની જરૂર છે.
- નારાયણ બલિ- અંગત અને વ્યાવસાયિક જીવનની સાથે વ્યવસાય અને કારકિર્દીમાં પણ વૃદ્ધિ કરવામાં મદદ કરે છે.
- એવું માનવામાં આવે છે કે, નારણય બલિ પૂજા ચાર ધામ યાત્રા જેટલી જ છે.
- આ ધાર્મિક વિધિ પરિવારના કોઈ પણ સભ્યના વહેલા મૃત્યુને કારણે આવતી કોઈપણ અડચણને દૂર કરવામાં અને મૃત વ્યક્તિના કોઈ પણ શ્રાપમાંથી સમગ્ર પરિવારને મુક્ત કરવામાં પણ મદદ કરે છે.
- આ વિધિથી પારિવારિક સ્વાસ્થ્ય સમસ્યા, લગ્નની સમસ્યા, ધંધો ખોરવાઈ ગયો, દુષ્ટ તત્વો, અકુદરતી મૃત્યુ વગેરે જેવી વિવિધ સમસ્યાઓ ઉકેલામાં મદદ કરે છે.
- આ પૂર્વજોના શ્રાપ અથવા પિતૃ શ્રાપ કે પિતૃ દોષ તેમજ હત્યાના પાપને ઉકેલવામાં મદદ કરે છે.
- આ પૂજા-વિધિ કારતક મહિનો, ચૈત્ર મહિનો, ભાદરવાના પંદર દિવસ અને દર મહિનાની અમાસના દિવસે કરી શકાય છે.



# કુંડળીમાં પિતૃદોષ : કારણ, લક્ષણો અને ઉપાય

**સમસ્યા અને સમાધાન**
**વાય.જે.ટી.**

ઘણી વાર જ્યોતિષો કહે છે કે કુંડળીમાં “પિતૃદોષ” છે.

આ શબ્દ સાંભળતાં જ પ્રશ્ન થાય - આ દોષ શું છે? તેનો પ્રભાવ કેમ પડે છે?

ચાલો, સરળ ભાષામાં સમજીએ

**પિતૃદોષ શું છે?**

જેમ કુંડળીમાં રાજયોગ બને છે. તેમ અનેક દોષો પણ બને છે.

તેમાંથી સૌથી અગત્યનો દોષ છે - પિતૃદોષ.

**જ્યોતિષ મુજબ -**

2, 4, 5, 7, 9 કે 10મા ભાવમાં સૂર્ય-રાહુ અથવા સૂર્ય-શનિની યુતિ થાય તો પિતૃદોષ બને છે.

ખાસ કરીને જો સૂર્ય તુલામાં નીચસ્થ થઈને રાહુ/શનિ સાથે હોય તો અસર ખૂબ કઠોર બને છે.

લગ્નેશ 6, 8 કે 12મા ભાવમાં હોય અને લગ્નમાં રાહુ હોય તો પણ આ દોષ થાય છે.

કેટલીક માન્યતાઓ પ્રમાણે સૂર્ય, ચંદ્ર, શનિ, રાહુમાંથી કોઈ બે ગ્રહ એક સ્થળે મળ્યાં હોય તો પણ આ દોષ બને છે.

આવા સંયોજનથી જન્મકુંડળીમાં પિતૃઋણ સર્જાય છે.

**પિતૃદોષના લક્ષણો**

જેની કુંડળીમાં આ દોષ હોય છે, એમના જીવનમાં વારંવાર આવી પરિસ્થિતિ જોવા મળે છે -

પરિવારમાં અચાનક કલહ અને કંકાસ.
વિવાહની વાતો તૂટી જવી અથવા વિલંબ થવો.
ઘરમાં માંગલિક કાર્યોમાં વિઘ્ન.
દાંપત્યજીવનમાં કલેશ, દુર્ઘટના અથવા ઈજા.
પરિવાર વારંવાર હોસ્પિટલના ચક્કર.
આત્મવિશ્વાસ ઓછો થવો, બીજાઓ પર આધાર.
ઘણી મહેનત છતાં પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં નિષ્ફળતા.
નોકરીમાં અધિકારીઓની નારાજગી.
સંતાન પ્રાપ્તિમાં અડચણો અથવા ગર્ભપાતની સમસ્યા.
વાત વાતમાં ક્રોધ.
સમાજમાં પ્રતિષ્ઠા ઓછી થવી, રોજગારમાં અવરોધ.
સંતાનથી કષ્ટ અનુભવવો

**પિતૃદોષથી મુક્તિ માટેના ઉપાય**

શાસ્ત્રોમાં દર્શાવેલા ઉપાય શ્રદ્ધા અને ભક્તિથી કરવાથી દોષની અસર ઓછી થાય છે :



» દર અમાસે - પૂર્વજોના નામે દાન (અન્ન, વસ્ત્ર, દવા, ભોજન)

» ગુરુવાર અને શનિવારે - પીપળાને જળ અર્પણ કરી 7 પરિક્રમા કરવી.

» શુક્લ પક્ષના રવિવારે - સૂર્યને જળ, ગોળ, લાલ ફૂલ અને કંકુ સાથે અર્ધ્ય અર્પણ કરવો.

» માતા-પિતાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લેવા

» રોજ કુળદેવી-કુળદેવતા, ઈષ્ટદેવની પૂજા કરવી.

» વિશેષવિધિ - પ્રેતબલી, નારાયણ બલી, પંચબલી શ્રાદ્ધ, ત્રિપીંડી શ્રાદ્ધ.

» વિષ્ણુ યાગ, દાન, ગરીબ કન્યાના લગ્નમાં સહાય, બીમારને મદદ - દોષમુક્તિ માટે ખૂબ ફળદાયક.

**અંતિમ સંદેશ**

“પિતૃદોષ કોઈ અભિશાપ નથી - એ તો સંકેત છે કે પૂર્વજોની અધૂરી ઈચ્છાઓ આપણાં જીવનમાં અસર કરે છે.

જો શ્રદ્ધાપૂર્વક દાન, પૂજા અને સદાચારથી જીવન જીવવામાં આવે તો આ દોષમાંથી મુક્તિ જરૂર મળે છે.”

# 2026માં હજુ કેટલુ યુધ્ધ?

## સંવત 2083ની કુંડળીનું ચોંકાવનારું વિશ્લેષણ

**જડીબુટ્ટી**
**નજુમી**

નવું સંવત 19 માર્ચથી શરૂ થઈ ગયું છે. નવા સંવતની શરૂઆતમાં જે કુંડળી બની છે તે વૈશ્વિક શાંતિની દૃષ્ટિએ સારી બની નથી! આખા મિડિલ ઈસ્ટમાં બબાલ મચેલી છે. ઈરાન ઉપર સતત હુમલા થઈ રહ્યા છે જ્યારે ઈરાન કાઉન્ટર એટેક કરી રહ્યું છે અને આ સ્થિતિ હજુ આગળ પણ બનતી રહેશે. અને તેનું સિગ્નલ મળી રહ્યું છે અને તે મળે છેઃ નવ સંવતની કુંડળીમાં. જે કુંડળી બની છે તે વધારે સારી બનતી નથી!


સારી વાત તો એ છે કે, ગુરુ આ કુંડળીમાં રાશિનો સ્વામી છે. લગ્નનો સ્વામી છે. કારણ કે તે કુંડળી મીન લગ્નની બનેલી છે. તે શાંતિનો ભાવ હોય છે પરંતુ દુશ્મનની રાશિમાં છે, જેથી તે સારી સ્થિતિ ના કહેવાય. નવ સંવત ગુરુવારના દિવસે જ શરૂ થઈ છે. એટલે કે વર્ષનો રાજા ગુરુ છે. આ એક રીતે સારુ થયું કહેવાય.

**રૂદ્ર નામનું સંવત છે પણ સ્થિતિ શું સર્જાય છે?**

મંગળ, રાહુ અને બુધ- આ કુંડળીના બારમાં ભાવમાં છે એટલે કે 11 નંબરની કુંભ રાશિમાં છે. હવે 12માં ભાવમાં એટલે કે મંગળ અને રાહુનું આવવું-જવું સારું નથી. મંગળ-રાહુ આક્રમક ગ્રહ છે. અત્યારે તેની યુતિ ચાલી રહી છે અને જ્યાં તે બેઠા છે તે એરી સાઈન છે. એટલે કે વાયુ તત્વની રાશિ છે. બીજું કે, તે જ્યાં બેઠા છે તે યુધ્ધનો ભાવ છે. એક પ્રકારે જોઈએ તો 12મો ભાવ સારો ભાવ માનવામાં આવતો નથી. તે આઠમાં ભાવને પણ જોઈ રહ્યો છે. ગુપ્ત રાહુની જે દૃષ્ટિ છે તે આઠમાં ભાવ પર છે. જે ગુપ્ત ચીજો હોય છે... જેને ‘સીક્રેટ’ કહે છે અથવા ઈન્ટેલિજિન્સ કહે છે. એજન્સીસ પણ કહે છે. તેનો ભાવ છે તો ત્યાં ચીજોની ગરબડ છે. મંગળ રાહુની યુતિ થવી તે જ ગરબડ છે. એક અહીં જો તે રાશિમાં આવે તો સૂર્ય પણ બદલે છે. 15માં તો તે મીનમાં આવી જશે ત્યારે મીનમાં સૂર્ય છે, શનિ છે, શુક્ર છે, ચંદ્ર છે આ ચાર ગ્રહ છે અને રાશિના સ્વામી પણ રાહુના પ્રભાવમાં રહેશે. એટલે કે લગ્નનો સ્વામી તો કુંડળીમાં સારો નથી અને જ્યારે સંવતની શરૂઆત થઈ ત્યારે ગુરુવારનો દિવસ હતો. જે દિવસે સૂર્ય- રાશિ બદલશે એટલે કે 14 એપ્રિલે તે દિવસે મંગળવાર છે. સંવતનો રાજા ગુરુ થયો, મંત્રી મંગળ થયો. ખેર, ગુરુ તો સારો ગ્રહ છે, શુભ ગ્રહ છે. મંગળ મંત્રી- તે થોડોક આક્રમક છે. મંત્રીનો પ્રભાર એક એવો ગ્રહની પાસે છે જે લડાઈનો કારક છે- તો જંગ રહી શકે છે. ગયા વખતના સંવતની કુંડળીમાં અમે વિશ્લેષણ કર્યું હતું કે, ઈરાન પર સંકટ આવશે. ઈરાન પર બે વખત સંકટ આવશે. તમે જોયું કે, જૂનમાં ઈરાન પર એટેક થયો. તેના પરમાણું ઠેકાણા ઉપર હવે બીજી વાર પણ પાછે એટેક થઈ રહ્યો છે.

**આ સંવતની કુંડળીમાં વધારે ગ્રહોની દૃષ્ટિ ક્યાં છે?**

શનિની દૃષ્ટિ કન્યા રાશિ ઉપર, સૂર્યની દૃષ્ટિ કન્યા રાશિ ઉપર, મંગળની આઠમી દૃષ્ટિ કન્યા રાશિ ઉપર.. તો ‘કન્યા રાશિ’ વધારે પીડિત બની ગઈ! કન્યા રાશિ ઘણા બધા ઈસ્લામિક દેશોની રાશિ છે. તેનો મતલબ એ છે કે, મીડિલ ઈસ્ટમાં ડિસ્ટરબન્સ અવારનવાર રહેશે. તો બજારમાં પણ ડિસ્ટબન્સ રહેશે. તેલની કિંમતોમાં પણ ડિસ્ટરબન્સ રહેશે. આ આખા વર્ષમાં થોડાક સમય માટે શાંતિ આવી શકે છે. પરંતુ આ સંવતનું વિશ્લેષણ એ જ નીકળે છે કે ડિસ્ટરબન્સ રહેશે.




**હવે વધારે ડિસ્ટરબન્સનો ટાઈમ ક્યારે આવે છે!**

22 જૂને જ્યારે ઈરાન ઉપર એટેક થયો હતો, તે સમયે મંગળ કેતુ સાથે આવી ગયા હતા. હવે જ્યારે ફરીથી હુમલો થયો ત્યારે મંગળ રાહુની સાથે આવ્યો છે. 23 ફેબ્રુઆરી પછી હુમલો થયો ત્યારે આ વર્ષે નવેમ્બરના મહિનામાં 14 કે 15ની તારીખ છે. મંગળ કેતુ ફરીથી સાથે આવી જશે. તે અંગેના ક્રાઈસિસને વધારશે. હવે બે વિસ્ફોટક તાકાતો જે લડાઈનો કારક છે તે શનિ અને રાહુ કુજવત કેતુ કહેવાય છે. જ્યારે તે બંને સાથે આવી જશે ત્યારે તકલીફ ઘણી વધી જશે. તેનાથી પણ વધારે તકલીફ જ્યારે ગુરુ-કેતુની સાથે હશે તે સમયમાં તે ફાઈનાન્સિયલી ડિસ્ટર્બ કરશે. અત્યારે તો તે વધારે ડિસ્ટર્બ કરતો નથી.જ્યારે નવેમ્બરવાળી સ્થિતિ આવશે તે સમયે દુનિયાના બજાર પણ વધારે તૂટશે.. કારણ કે તે સમયે ઘણા દેશો તેમાં ઈન્વોલ્વ થઈ શકે છે. અત્યારે તો કોઈ દેશનું ડાયરેક્ટ ઈન્વોલ્વમેન્ટ નથી. ઈરાન હુમલો કરી રહ્યો છે. પરંતુ કાઉન્ટર એટેક થતો નથી. સાવધાનીવાળો સમય પણ વધારે સારો નથી. ફક્ત એક આશાનું કિરણ દેખાય છે કે, સંવતનો રાજા ગુરુ છે. તેથી કંઈને કંઈ બ્લેસિંગવાળી ચીજો થઈ શકે છે.

આવનારા દિવસોમાં જે બજારમાં ચઢાવ ઉતાર આવશે. આ સંવતનું વિશ્લેષણ છે.